CC/1016/2013 ORDER

Registration No.: CC/1016/2013
Filing No.: CC/1016/2013
Filed On: 27/02/2013
Registered On : 07/03/2013

# IN THE COURT OF ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE AT ANKLESVAR

CRITICAL CASE NO. 1016 OF 2013.

**Complainant**:

**1.** THE STATE OF GUJARAT
ANKELSHWAR COURT
ANKELSHWAR
GUJARAT

**VERSUS**

**Accused**:

**1.** DINESHBHAI LAXMANBHAI PATEL
NAGAL,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHAWR
GUJARAT

**10.** KANCHANBHAI CHHITLABHAI VASAVA
UMARWADA, NURNAGAR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**11.** RAMUBHAI DAMJIBHAI VASAVA
PILUDRA, NISAR FALIYA,
ANKLESHWAR
GUJARAT

**12.** HASMUKHBHAI VASANTBHAI VASAVA
PILUDRA, NISAR FALIYA,
ANKLESHWAR
GUJARAT

**13.** VIMLABEN @ TINABEN W/O. HASMUKHBHAI VASAVA
PILUDRA, NISAR FALIYA,
ANKLESHWAR
GUJARAT

**14.** PRABHATBHAI BHAGABHAI VASAVA
UMARWADA, NURNAGAR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**15.** RATILAL PRASOTAMBHAI PATEL
BORIDRA, PATELFALIYA,
ANKLESHWAR
GUJARAT

**16.** HASMUKHBHAI RATILAL PATEL
BORIDRA, PATELFALIYA,
ANKLESHWAR
GUJARAT

**17.** DHARMENDRASINH JAGMALSING DAYMA
ANDADA, DARBAR FALIYA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**18.** JITENDRASINH JAGMALSINH DAYMA
BORIDRA, PATELFALIYA,
ANKLESHWAR
GUJARAT

**19.** VIJAYSINH @ JIGO SURENDRASINH RAJ
BORIDRA, PATELFALIYA,
ANKLESHWAR
GUJARAT

**2.** JAYNTIBHAI DEVJIBHAI MAKVANA
SAJOD,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**20.** RAVIKIRAN VINODCHANDRA VALVI
KOSAMDI, SAI VATIKA ROOM NO.245, VALIYA ROAD,
ANKLESHWAR

GUJARAT

**21.** RANJITBHAI GOPALBHAI VASAVA
B/77, AALEKH SOCIETY, ZADESHWAR ROAD,
ANKLESHWAR
GUJARAT

**22.** KAMLESHBHAI BHIKHABHAI PATEL
PILUDRA, NISAR FALIYA,
ANKLESHWAR
GUJARAT

**23.** DINESHBHAI HARIBHAI VASAVA
PILUDRA, NISAR FALIYA,
ANKLESHWAR
GUJARAT

**24.** SANJAYBHAI DAHYABHAI VASAVA
PILUDRA, NISAR FALIYA,
ANKLESHWAR
GUJARAT

**25.** JAYSINH AMRSINH PATEL
A/24, SHATINAGAR HASOT ROAD,
ANKLESHWAR
GUJARAT

**26.** RAMANBHAI GOMANBHAI PATEL
428, GUJARAT HOUSING BOARD, SURTIBHAGOR,
ANKLESHWAR
GUJARAT

**27.** DHARMENDRABHAI RAMANBHAI PATEL
428, GUJARAT HOUSING BOARD, SURTIBHAGOR,
ANKLESHWAR
GUJARAT

**28.** KHUMANBHAI ARJUNBHAI PATEL
A/44, AKSARBANGLOWAS,
ANKLESHWAR
GUJARAT

**29.** GANPATBHAI RAMANBHAI PATEL
428, GUJARAT HOUSING BOARD, SURTIBHAGOR,
ANKLESHWAR

GUJARAT

**3.** PRAVINBHAI PRASOTAMBHAI PATEL
A/301, TITHI CO-OP HOUSEING OSICETY, NEAR-NAVSARJAN BANK,
GIDC ANKLESHWAR,
ANKLESHWAR
GUJARAT

**30.** PARVATIBEN BALUBHAI PARMAR
HARIJAN VAS, NAGAL,
ANKLESHWAR
GUJARAT

**31.** VIPULBHAI BALUBHAI PARMAR
NAGAL,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHAWR
GUJARAT

**32.** BALUBHAI GOMANBHAI PARMAR
NAGAL,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHAWR
GUJARAT

**33.** RANJITBHAI ANOPBHAI VASAVA
JUNA SAKKARPOR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**34.** KANUBHAI ANOPBHAI VASAVA
JUNA SAKKARPOR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**35.** KANUBHAI NARAYANBHAI VASAVA
NAGAL NAVAPARA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**36.** KAMLESHBHAI LAXMANBHAI PATEL
NAGAL,

TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHAWR
GUJARAT

**37.** DAXABEN W/O. KAMLESHBHAI PATEL
NAGAL,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHAWR
GUJARAT

**38.** VANITABEN W/O. DINESHBHAI PATEL
NAGAL, PATEL FALIYA
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHAWR
GUJARAT

**39.** GOMANBHAI MAGANBHAI PATEL
NAGAL, KUBHAR FLAIYA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**4.** DILAVAR ISHMAIL AKBARBHAI LAKDAWALA
LALBAJAR, GHADIYAR VALA GALI, HOUSE NO.1742,
BHARUCH
GUJARAT

**40.** MAHIPATSINH NATWARSINH
SHIROMANI SOICETY, MAKAN NO.A/42, HASOT ROAD,
ANKLESHWAR
GUJARAT

**41.** KANCHANBHAI MAGANBHAI PATEL
NAGAL NAVAPARA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**42.** ZINABHAI MAGANBHAI PATEL
NAGAL NAVAPARA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**43.** KHUSALBHAI CHIMANBHAI PATEL
NAGAL NAVAPARA,

TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**44.** DHANSUKHBHAI KARSANBHAI PATEL
NAGAL NAVAPARA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**45.** SANDIPBHAI RAMESHBHAI PATEL
NAGAL NAVAPARA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**46.** DIPAKBHAI CHIMANBHAI PATEL
NAGAL DUNGRIFALIYA,
ANKLESHWAR
GUJARAT

**47.** BALUBHAI NAGJIBHAI PATEL
NAGAL, KUBHAR FLAIYA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**48.** CHHAGANBHAI NARSINHBHAI PATEL
NAGAL, TARAVFALIYA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**49.** THAKORBHAI KARSANBHAI PRAJAPTI
NAGAL,KUBHAR FALIYA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**5.** ATULBHAI HARGOVINDBHAI DEVDA
S/1, NIRATNAGAR, BORBHATHA ROAD,
ANKLESHWAR
GUJARAT

**50.** HIRENBHAI THAKORBHAI PATEL
JUNA SAKKARPOR,

TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**51.** MAGANBHAI NARSINHBHAI PATEL
NAGAL, TARAVFALIYA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**52.** BAKORBHAI REVABHAI VASAVA
B/20, NALANDA BANGLOWAS, B/H. GEB, ANKLESHWAR,
ANKLESHWAR
GUJARAT

**53.** RAMESHBHAI CHHITUBHAI PATEL
NAGAL,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHAWR
GUJARAT

**54.** HARESHBHAI GANESHBHAI PATEL
NAGAL, NAVI VASAHAT,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**55.** LAVDHANBHAI GOMANBHAI VASAVA
ADOL,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**56.** SANKARBHAI MANJIBHAI PARMAR
ADOL,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**57.** BACHUBHAI BHAILAL VASAVA
KASIYA, BHATHIJI MAHARAJ FALIYA,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**58.** KUNDALBHAI RAMANBHAI VASAVA

JUNA SAKKARPOR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**6.** ARVIND @ MUKESH BAKOR VASAVA
B/20, NALANDA BANGLOWAS, B/H. GEB, ANKLESHWAR,
ANKLESHWAR
GUJARAT

**7.** MAHESHBHAI SANABHAI VASAVA
UMARWADA, NURNAGAR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**8.** LALLUBHAI KANIYABHAI VASAVA
UMARWADA, NURNAGAR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**9.** VANMARIDAS GHELABHAI VASAVA
UMARWADA, NURNAGAR,
TAL-ANKLESHWAR DIST-BHARUCH,
ANKLESHWAR
GUJARAT

**Appearance:**
APP For Complainant 1
No Advocate For Accused

---

## ORDER BELOW EXH.24

સાંભળ્યા, અરજી વંચાણે લીધી, અરજી લગત વિ.એ.પી.પી.શ્રીએ શેરો કરી સદર અરજી મેળવેલ છે. વિ. એ. પી.પી.એ પોતાની દલીલમા જણાવેલ છે કે આરોપી સામે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં. ૧૧૧/૧૨ના કામે ઈ.પી.કોડની કલમ–૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૩,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૨૦૧ તથા ૧૨૦(બી) મુજબનો ગુનો નોધાયેલો હતો . તપાસ દરમ્યાન આ કામે આરોપી નં.૨૫ તરીકે ચાર્જશીટમાં દર્શાવેલા છે. આરોપીએ બેન્કના એપ્રુલ પેનલ એડવોકેટ તરીકે ફરજ બજાવતા હતા અને બેન્કમાંથી કોઈપણ ખેડુત ખાતેદાર કુષિ વિધાયક ધિરાણ મેળવવા અંગે બેંકમાંથી જે કોઈ દસ્તાવેજી

પુરાવાની ફાઈલ તેમની પાસે મોકલે તે ઘ્યાન પુર્વક વાંચી રેકર્ડ તપાસી સબ રજીસ્ટાર પાસેથી સર્ચ કરાવી ટાઈટલ કલીયરન્સ સર્ટિ. આપવાની જવાબદારી હતી. આરોપી સામે ૨૦૦૭ થી એસ.બી.આઈ. સજોદ બેન્કમાં પેનલ એડવોકેટ હોવા છતાં આ કામના આરોપીઓ (૧)થી(૨૪) તથા (૨૬) થી (૫૮) નાઓએ ભેગા મળી એકબીજાની મદદગારી થી ખોટા ડોકયુમેન્ટ ઉભા કરી જેમા હાલના આરોપીએ જે તે કચેરીમાં જઈ દસ્તાવેજોની ચકાસણી કર્યા વગર ટાઈટલ કલીયરન્સ સર્ટિ. આપી દીધેલા.તેના આધારે બેન્કે હિત ધરાવતા અરજદારોએ એટલે કે અન્ય આરોપીઓએ રૂા.૧,૮૯,૩૪,૦૦૦/– નું ધીરાણ આપેલુ અને આર્થિક નુકશાન કરાવેલુ. અને હાલના આરોપી પણ નાણા ઉચાપત કાવાત્રામાં સામેલ છે. હાલના આરોપીએ અન્ય આરોપી રામુભાઈ દામજીભાઈ મોજે ગામ પીલુદરાના ખાતા નં.૬૫, સ.નં.૨૨૪ ની જે જમીન આવેલી જેના અન્ય કબજેદારોના નામ હતા તેઓના પાવર ઓફ એર્ટની મેળવવાનો હતો તેમ છતાં આરોપીએ હિત ધરાવતા અન્ય આરોપી રામુભાઈ દામજીભાઈ તથા અન્ય આરોપી સાથે મળી જઈ જમીનના કબજેદારમાં લક્ષ્મીબેન દામજીભાઈ વસાવાનાઓ મરણ ગયેલ હોવા છતાં તેમના નામ સામે આરોપી વસાવા રામુભાઈ દામજીભાઈએ પોતાની પત્ની નલીકાબેનનો ફોટો લગાવી અંગુઠાનુ નિશાન કરાવેલ, તેમજ શાંતાબેન દામજીભાઈ વસાવાના નામ સામે જે ફોટા લગાડેલ તે ફોટો કોનો છે. તે આરોપીઓ જણાવી શકેલ નથી. તેમજ ફોટાવાળી બહેનની ઓળખ પણ થયેલ નથી અને તેમો અંગુઠાનું નિશાન ખોટુ કરેલ તેમજ સુરજબેન દામજીભાઈ વસાવાના નામ સામે સંઘ્યાબેનનો ફોટો લગાડેલ અને સંઘ્યાબેની સહી તથા અંગુઠો મેળવેલ તેમજ મધુબેન દામજીભાઈ વસાવાના નામ સામે ટીનાબેનનો ફોટો લગાવેલ અને મધુબેન વતી સહી તથા અંગુઠો ટીનીબેને કરેલ. આમ આરોપી પોતે નોટરી પબ્લીક હોય પાવર ઓફ એર્ટનીનુ નોટરી રજીસ્ટ્રેશન કરાવવાનુ હોય ત્યાર પાવર આપનાર તથા પાવર લેનાર નોટરી સમક્ષ હાજર રહી પાવર ઓફ એર્ટનીના દસ્તાવેજમાં તથા નોટરીના રજીસ્ટરમા સહી કરવાની હોય છે. અને તે વ્યકિત સાચી છે કે ખોટી તેની ખાત્રી કરવી પડે તેમ છતાં આરોપીએ બેંક સાથેના છેતરપીડીના કાવત્રામાં સામેલ છે. તેવી જ રીતે અન્ય આરોપી રામુભાઈ બાબુભાઈ વસાવા રહે. નવીકોટર મુખોવાડીતનાઓની હજાત ગામની જમીનના સ.નં.૭૩,૧૨૩–એ, ૧૨૩–ઈ, ૨૨૫,૨૬૭–એ–સી, વાળી જમીનના અન્ય કબજેદારોના નામો આવેલા છે. તેઓનો પાવર ઓફ એર્ટની મેળવવો જોઈએ તેમ છતાં આરોપીએ અન્ય આરોપી રામુભાઈ

બાબુભાઈ સાથે મળી જઈ જમીનના કબજેદારમાં રમણભાઈ બાબુભાઈ વસાવાના નામ પર અન્ય આરોપી અરવિંદભાઈ બકોરભાઈ વસાવાનો ફોટો લગાવેલ અને આરોપીએ રમણભાઈ વસાવા વતી અંગુઠાનું નિશાન લીધેલ તેમજ ધનીબેન રમણભાઈ વસાવાના નામ પર શાંતાબેનનો ફોટો લગાવેલ તેમજ અંગુઠાનું નિશાન લીધેલ ચંચળબેન બાબુભાઈ વસાવાના નામ ઉપર ગીતાબેન અરવિંદભાઈ વસાવાનો ફોટો લગાવેલ તેમજ અંગુઠાનુ નિશાન લીધેલ તેમજ રેવાબેન બાબુભાઈ વસાવાના નામ ઉપર લખ ીબેન પુનમભાઈ વસાવાનો ફોટો લગાવેલ અને અંગુઠાનુ નિશાન લીધેલ તેવી જ રીતે હરખીબેન લાલીયા કોલીયા વસાવાના નામ ઉપર દીવીબેન શંકર પટેલનો ફોટો લગાવેલ અને અંગુઠો મેળવેલ તથા જશુબેન બાબુભાઈ વસાવાના નામ ઉપર નિરુબેન રમણભાઈ વસાવાનો ફોટો લીધેલ અને અંગુઠો મેળવેલ આમ આરોપી પોતે નોટરી પબ્લીક હોવા છતાં પાવર ઓફ એર્ટનીનુ રજીસ્ટ્રેશન કરાવવાનુ હોય તથા પાવર આપનાર અને પાવર લેનાર વ્યકિતઓના નોટરીના રજીસ્ટરમાં સાચી વ્યકિતઓની સહીઓ કરાવવાની હોય છે. જે ખાત્રી કરવાની જવાબદારી તેઓની છે આમ તેઓએ છેતરપીડી કરેલી છે. તેમજ આરોપીએ અન્ય આરોપી પરભુભાઈ અમલાભાઈ વસાવા મુ.પો. ઉમરવાડા, તથા જયંતીભાઈ મુળજીભાઈ પરમાર મુ.પો. ઉમરવાડા કે જેઓ ઉમરવાડા ગામના વ્યકિત નથી તેમ છતાં તે વ્યકિતઓના નામના બનેલ દસ્તાવેજો જે તે કચેરી રેકર્ડ મુજબના બરાબર અને સાચા હોવાનુ તપાસ્યા હોવાનુ ટાઈટલ કલીયરન્સ સર્ટિફ આપેલ તેમજ અન્ય આરોપીઓ પટેલ દિનેશભાઈ લક્ષ્મણભાઈ મુ.પો. નાંગલ તથા અરવિંદભાઈ બકોરભાઈ વસાવા મુ.પો. માગરોલ તથા જયંતિભાઈ દેવજીભાઈ મકવાણા મુ.પો. સજોદ તેમજ ફરીયાદમા જણાવેલ અન્ય આરોપીઓના દસ્તાવેજો ચકાસવા સિવાય ખોટા ટાઈટલ કલીયરન્સ સર્ટિ. આપી દીધેલા છે. આમ હાલના આરોપી કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૩, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૨૦૧, ૧૨૦–બી, મુજબ નો ગુનો કરેલો હોય આ અરજી રદ કરવા દલીલ કરેલી છે. વધુમા આરોપી તરફે રજુ થયેલ ચુકાદાઓની હકીકતો આ કેસની સાથે સુસંગત નથી તેવુ જણાવી અરજી રદ કરવા દલીલ કરેલ છે. જયારે આરોપીઓના વિ.વ.શ્રી વિ.ડી.પરમારનાઓએ હાલની અરજી મુજબ જે હકકતો જણાવેલી છે તે મુજબ દલીલો કરેલી છે. એવુ જણાવે છે કે હાલના આરોપીનાઓ ને ત.ક.અધિકારીએ આરોપી નંબર–૨૫ તરીકે ચાર્જશીટમા દર્શાવેલ છે. આરોપી બેન્કના એપ્રુઅલ પેનલ એડવોકેટ છે. અને લોન લેનાર ખેડુત ખાતેદારોની કુષિ વિષયક ધિરાણ

મેળવવા અંગે ટાઈટલ રીપોર્ટ આપેલ છે. આ કામના અન્ય આરોપીઓ કે જેઓ ખેડુત ખાતેદારો સૌ પ્રથમ લોન લેવા માટે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની સજોદ બ્રાન્ચમાં કહેવાતા એજન્ટ શ્રી દિનેશભાઈ લક્ષ્મણભાઈ પટેલનાઓ મારફતે ખેતીની જમીનની ૭/૧૨, ૮–અ અને ખ–પત્રક નં.૬ તથા તલાટી કમ મંત્રીશ્રીઓ નુ લેણુ બાકી નથી તેવો દાખલો તદૃઉપરાંત જે તે સહકારી મંડળીનું નો ડયુ સર્ટિફીકેટ અને ખેડુતો ના ઓળખ પત્રક જેવા દસ્તાવેજી પુરાવા બાંન્ચ મેનેજર અને આર.એમ.આર.ઓ નાઓને સોપતા જેઓ ફાઈલ બનાવતા અને લોન આપવાની કાર્યવાહી કરતા.આ બ્રાન્ચ મેનેજર અને આર.એમ.આર.ઓ. તેમની પાસે આવેલ દસ્તાવેજોની સંપુર્ણ ચકાસણી કર્યા બાદ અને તેઓની ભલામણથી આરોપી એડવોકેટને ટાઈટલ કલીયરન્સ સર્ટિ. મેળવવા મોકલી આપતા અને તેઓ પોતે તમામ દસ્તાવેજોની ચકાસણી કરેલ છે. અને ખરા હોવાનુ જણાવતા અને ટાઈટલ કલીયરન્સ સર્ટિ. આપવામાં આવે તો વાંધો નથી તેવુ જણાવતા અને તેઓની ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી તમામ દસ્તાવેજો ઉપર ઓરીજીનલ સહી સિકકા અને લેટર પેઈડ વાળા અસલ દસ્તાવેજો જણાતા સબ રજીસ્ટાર કચેરી અંકલેશ્વર મુકામે નોધ અંગેની કાર્યવાહી કરી કચેરીની રસીદ મેળવીને ટાઈટલ કલીયરન્સ સર્ટિ. આપવામા આવેલા. જેમા આરોપીનો કોઈ ગુન્હાહિત ઈરાદો ન હતો કે કોઈ મોટો આર્થિક લાભ મેળવવાનો પણ આશય ન હતો. કે આરોપીઓ સાથે સાથગાઠ કે બેકના કર્મચારી જોડે સાથગાઠ કે બદ ઈરાદો ન હતો. તેમજ જે પાવર ઓફ એર્ટની બનાવેલા છે તે રામુભાઈ દામજીભાઈ વસાવા અને રામુભાઈ બાબુભાઈ વસાવાઓને આ કેસમા અન્ય આરોપી અરવિંદભાઈ બકોરભાઈ તેમજ મીનેષભાઈ લક્ષ્મણભાઈ પટેલનાઓએ એકબીજા સાથે મેળાપીપણામાં પાવર ઓફ એર્ટનીમા મુળ વ્યકિતની જગ્યાએ અલગ વ્યકિતના ફોટા લગાડી તે વ્યકિતઓ ખોટી હોવા છતાં સાચી વ્યકિત હોવાનુ જણાવી અંગુઠાના નિશાન જણાવેલા અને ઉપરોકત વ્યકિતઓએ પોતાના અંગત લાભ માટે લોન મેળવવા સારુ પાવર ઓફ એર્ટનીમાં તેમની સમક્ષ નોટરાઈઝડ કરાવેલી અને આ હકીકતો આરોપીઓએ કબુલ કરેલી.આમ હાલના આરોપીઓએ કોઈ ખોટુ કામ કરેલુ નથી, પણ અન્ય આરોપીઓ એ આર્થિક લાભ લેવા ખોટા ફોટાઓ ચોટાડી ફોટાવાળી વ્યકિતની ખોટી ઓળખાણ આપી તેમની પાસે ખોટી નોટરાઈઝડ કરાવી તેમની સંડોવાયેલા છે. તદૃ ઉપરાંત અરજદાર આરોપી નોટરી અધિ.૧૯૫૨ની કલમ–૧૩ મુજબ પણ નોટરી એકટની જોગવાઈ લાગુ પડતી હોય આરોપી સામે કોઈ ગુનો બનતો નથી. અને નોટરાઈઝડ અધિ.ની કલમ–૧૩

ને લક્ષમાં લેતા ફરીયાદ તર્ફે તેનુ પાલન થયેલ ન હોય આરોપીને ડીસ્ચાર્જ કરવા જણાવેલ છે. આ કામના અન્ય આરોપીઓ વિરૂધ્ધ જે લોન મેળવેલી તેમાથી મોટા ભાગની રકમ આરોપીઓએ જમા કરાવી દીધેલી છે. અને બાકી ખાતેદારો વિરૂધ્ધ સીવીલ રાહે બાકી લેણા વસુલાત માટે દાવા ચાલુ છે. આમ આરોપી સીધી યા આડકતરી રીતે ગુનાના કામે સંડોવાયેલા નથી તેમજ બેકના પેનલ એડવોકેટ હોવાના નાતે તથા નોટરી પબ્લીક હોવાના કારણે તેઓને સંડોવી દીધેલા છે. વધુમા શ્રી પરમારે દલીલમાં જણાવે છે કે નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જેવો કે ૨૦૦૯(૨)જીએલએચ પાન નં.૪૯૧ અશોકભાઈ રમેશચંદ્ર ઘંટીવાલા વિ.. સ્ટેટ ઓફ ગુજરાત તથા અન્ય ચુકાદો ૨૦૧૨(૩) જી.એલ.એચ. પાન નં.૩૧૩ સી.બી.આઈ. હૈદરાબાદ વિ.. કે.નારાયણ રાવના ચુકાદાઓ રજુ કરેલા છે જે ચુકાદાની હકીકતો સાથે હાલની હકીકતો સુસંગત હોય આરોપીને ડીસ્ચાર્જ કરવા દલીલ કરેલ છે.

આમ મારી સમક્ષ રજુ થયેલા નામ. ઉપલી અદાલતોના ચુકાદાઓ ધ્યાને લીધેલ તેમજ અંકલેશ્વર રુરલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નંબરઃ૧૧૧/૧૨ ના કામે ઈ.પી.કોડની કલમ–૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૩,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૨૦૧ તથા ૧૨૦–બી, મુજબનો આરોપી સામેનો ગુનો અપેક્ષીત છે. આ કામે કુલ્લે ૫૮ આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના લગત ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલુ છે. એક આરોપી સિવાય બાકીના તમામ આરોપીઓને રેકર્ડ ધ્યાને લેતા રેગ્યુલર જામીન, અગોતરા જામીન નામ. સેસન્સ અદાલત ભરૂચ અને નામ. ગુજરાત હાઈકોર્ટ જામીન મંજુર કરેલા છે. રેકર્ડ ધ્યાને લેતા હાલના આરોપી/અરજદાર ને ૨૫ નંબર તરીકે ચાર્જશીટમાં દર્શાવેલા છે. વિ.એ.પી.પી.શ્રી એ અગાઉ વિસ્તૃત દલીલો આ કામે કરેલી છે. અને જણાવેલ છે કે આરોપીની ફરજમા તમામ દસ્તાવેજો ચેક કર્યા બાદ એપ્રુવલ પેનલ એડવોકેટ હોવા છતાં ખોટી રીતે ટાઈટલ કલીયરન્સ સર્ટિ. આપી દીધેલા છે. તેમજ પાવર ઓફ એર્ટનીમાં પણ વ્રાહિત વયકિતઓના ફોટા ચોટાડી તેઓ ખાતેદાર ન હોવા છતાં ખોટા અંગુઠાના નિશાન મેળવેલા છે અનુે ફોટા ચોટાડેલા છે. આમ ગંભીર પ્રકારના આક્ષેપિત ગુના કરેલા છે. એ હકીકત નિંવિવાદ છે કે આ કામે આરોપી જયસિહ અમરસિહ પટેલનાઓને નામ. ગુજરાત હાઈકોર્ટ અગોતરા જામીન પર મુકત કરેલા છે. તેઓ એસ.બી.આઈ. સજોદ શાખામા સને ૨૦૦૭ થી પેનલ એડવોકેટ તરીકે ફરજ બજાવતા હતા તેમજ સજોદ બેંકમા જે ખાતેદારો ખેડુતો હોય તેઓના કુષિ

વિષયક લોન લેવા માટે જે ખેડુત ખાતેદારો એસ.બી.આઈ. બેન્કમાં અરજીઓ કરી અને અરજીઓ સાથે જરૂરી દસ્તાવેજો જેવા કુ ગામના નમુના નં.૭/૧૨, ૮અ, ખાતાનો ઉતારો તથા હકક પત્રક નંબર–૬ કે જેમા ફેરફાર નોધો થયેલી હોય તેમજ જે તે ગામના તલાટી કમ મંત્રીનો ખાતેદાર હોવા બાબતનો તથા કોઈ લેણુ બાકી નથી તેવો દાખલો તથા જે તે ગામના સહકારી મંડળીમાંથી લોન બાકી નથી તેવા નો ડયુ પ્રમાણપત્ર વિગેરે સાથે એસ.બી.આઈ. સજોદ શાખામાં બેન્ક મેનેજરને દસ્તાવેજો રજુ કરતા બેન્ક મેનેજર તથા આર.એમ.આર.ઓ. આ તમામ દસ્તાવેજો વેરીફાઈ કરી જે તે ખેડુત ખાતેદારોને લોન આપવા લાયક હોય તો પેનલ એડવોકેટ પાસેથી તમામ દસ્તાવેજોની ફાઈલ મોકલી ટાઈટલ કલીયરન્સ સર્ટી. મેળવતા હોય છે. અને હાલના આરોપીઓએ પણ બેંકમાંથી જે ફાઈલ આવતી હોય તેને ઘ્યાને લઈ બેન્ક મેનેજર તેમજ આર.એમ.આર.ઓ.ની સુચના મુજબ રજુ થયેલા દસ્તાવેજી પુરાવા સાચા જણાતા હોય તો સબ રજીસ્ટાર અંકલેશ્વર પાસેથી સર્ચ કરાવી ટાઈટલ કલીયરન્સ સર્ટિ. આપેલા છે. મોટે ભાગે ટાઈટલ કલીયરન્સ સર્ટી.માં રજુ થયેલા ૭/૧૨ ના સર્વે નંબરની કોઈ રજીસ્ટર દસ્તાવેજો થયેલા છે કે કેમ, કે કોઈ મોર્ગેજ અન્ય રીતે ટ્રાન્સ્ફર થયેલા છે કે કેમ કે મિલ્કત ઉપર કોઈ બોજો છે કે કેમ તે ઘ્યાને લેવાનુ હોય છે. આ કામે ત.ક.અ. ચાર્જશીટમાં તપાસના કામે ગુના લગત જુદા જુદા સાહેદોના નિવેદનો તથા જુદા જુદા સાહેદોના હસ્તાક્ષરના પંચનામા, આરોપીઓ પૈકી પ્રવિણ પરસોત્તમ પટેલ પાસેથી રબર સ્ટેમ્પ કબજે કર્યાનુ પંચનામુ, જુદા જુદા ગામોના તલાટી કમ મંત્રીઓના હસ્તાક્ષર તથા તેમના જવાબો તથા તે અંગેના પંચનામા આરોપી અતુલ હરગોવિંદ પાસેથી કબજે કરેલ કોમ્પ્યુટરનુ પંચનામુ તથા આરોપી દિલાવર ઈસ્માઈલ લાકડાવાલાની દુકાનમાંથી કબજે કરેલ રબર સ્ટેમ્પનુ પંચનામુ, તમામ આરોપીઓના નેચરલ લખાણો અને તેના પંચનામા, સહીના નમુના અંગેના પંચનામા, આરોપીઓના શરીર સ્થિતિના પંચનામા, ગ્રામ પંચાયતમાથી મેળવેલ જુદા જુદા લેટર પેડ, નાયબ ઈજનેર અંકલેશ્વરનો અહેવાલ પત્ર, મામલતદારશ્રી અંકલેશ્વરનો જવાબ આમ મળી કુલ્લે ચાર્જશીટમાં ૧ થી ૧૪૧ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે જે ઘ્યાને લીધેલ છે. આ કામે ફરીયાદી મેનેજર શ્રી નયનકુમાર રસીકલાલ ત્રિવેદી, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, સજોદ, બ્રાન્ચનાઓએ આપેલ ફરીયાદમાં હાલના આરોપીનુ નામ આરોપી નં.૫૬ તરીકે દર્શાવેલ છે. ફરીયાદ મુજબ આરોપી નં.૧ થી ૫૫ તેમની બેંકમાં ખાતુ ધરાવતા હતા. જયારે હાલના આ.નં.૫૬ (ચાર્જશીટના આ.નં.૨૫) નાઓને બેંકના પેનલ એડવોકેટ

તરીકે દર્શાવેલ છે. ફરીયાદ મુજબ મોટા ભાગના આરોપીઓના રેવન્યુ રેકર્ડમાં ચેડા થયેલા છે અને ગામના નમુના નં.૭/૧૨ માં, ગામના નમુના નં.૮–અ, તલાટી કમ મંત્રીના દાખલાઓ, સહકારી મંડળીઓના દાખલાઓ ખોટા હોવાનુ ફરીયાદમાં જણાવેલુ છે. તેમજ જે તે દસ્તાવેજી પુરાવા રજુ થયેલા તે ઈસમોના જવાબો પણ ચાર્જશીટમાં જણાવેલા છે. તે જવાબો પણ વંચાણે લેતા જે તે સહકારી મંડળીઓના અધિકારીઓએ તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીનાઓએ કહેવાતા દાખલા આપ્યા નથી તેવુ તેમના જવાબમાં જણાવેલુ છે. તેમજ તમામ ટાઈટલ કલીયરન્સ સર્ટિ. ખોટા હોવાનુ ફરીયાદમાં જણાવેલુ છે. વધુમાં કુલ મુખત્યારનામુ પણ આ.નં.૫૫ નું એટલે કે રામુભાઈ દામજીભાઈ વસાવાનું જણાવેલ છે હાલના આરોપીઓએ આ ગુના લગત શું ભાગવત ભજવ્યો છે તે ફરીયાના પેરા–૬ માં દર્શાવેલ છે તેમજ પેનલ એડવોકેટ જયસિહ પટેલ કે જે આ કામના તહોમતદાર નં.૫૬ છે તે પોતે નોટરી પણ હોવાથી તેઓએ કોઈપણ જાતની તપાસ વિના ટાઈટલ સર્ટિ. આપેલ છે. અને તેમના સર્ટિ.ના આધારે જ બેન્ક લોન પાસ કરતા હોય છે. તેમજ તેઓ નોટરી પણ હોવાથી ખોટા કુલ મુખત્યારનામા ઉભા કરી તે કુલમુખત્યાર નામા ઉપર ખોટા ફોટા લગાવી ખોટા અંગુઠા સહી કરી બેન્ક સાથે છેતરપીડી કરેલ હોય તેઓ સામે પણ કાયદેસર પગલા ભરવા માટે આ ફરીયાદી આપેલ છે. આમ આ કામની ફરીયાદ ધ્યાને લેતા તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ, પંચનામાઓ, જવાબો ધ્યાને લેતા હાલના આરોપી વિરૂઘ્ધ ફરીયાદ મુજબ ખોટા ટાઈટલ કલીયરન્સ સર્ટિ. બનાવવાનુ તેમજ કુલ મુખત્યારનામા ઉપર અન્ય વ્યકિતના ફોટા ચોટાડી અંગુઠાનું નિશાન લીધેલાનુ જણાવેલુ છે. તમામ રેકર્ડ ધ્યાને લેતા (ચાર્જશીટ ધ્યાને લેતા) તેમજ આ કામે ત.ક.અમલદારે જે તે દસ્તાવેજી પુરાવા કબજે કરેલ તેની મુદ્દામાલ પાવતી ધ્યાને લેતા કોઈપણ જગ્યાએ હાલના આરોપી પાસેથી પોતે નોટરી પબ્લીક એડવોકેટ હોય તે અંગેનો ગર્વમેન્ટ તરફથી આપવામાં આવતુ લાયસન્સ કે આરોપી તરફે રાખવામા આવો રજીસ્ટ્રેશન માટેનો ચોપડો કબજે કર્યાનુ ફલીત થતુ નથી. આ કામે ફરીયાદીની ફરીયાદમાં પણ આરોપી વિરૂઘ્ધ તેઓની કોઈપણ જાતની તપાસ કર્યા વિના ટાઈટલ સર્ટિ. આપવાનું જણાવ્યુ છે. તેમજ કુલમુખત્યારનામો ઉપર ખોટા ફોટા લગાડી ખોટા અંગુઠા સહી કરી બેન્ક સાથે છેતરપીડી કરેલાનું જણાવેલુ છે. આરોપી સામેનો આક્ષેપીત ગુનો ધ્યાને લેતા ઈ.પી.કોડની કલમ– ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૩, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૨૦૧,૧૨૦–બી મુજબનો છે ઈ.પી.કોડની કલમ– ૪૦૬ વંચાણે લેતા કોઈપણ વ્યકિત

ગુન્હાહિત વિશ્વાસઘાત કરે તેને માટે સજાની જોગવાઈ છે., ગુન્હાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા ઈ.પી.કોડની કલમ–૪૦૫ માં આપેલી છે. આ કલમોમાં મુખ્યત્વે તત્વો આરોપીને કોઈ મિલ્કત સોપવામાં આવેલી હતી તથા આરોપીનો તે મિલ્કત પર તે મુજબ અધિકાર હતો. આરોપીએ તે મિલ્કતની ઉચાપત કરી, અથવા તેણે પોતાના ઉપયોગમા લીધી, અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણી બુઝીને લેવા દીધી, તદ્ ઉપરાંત આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ અને આવુ કૃત્ય અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા કાનુની આદેશ વિરૂધ્ધ કર્યુ હોય તો તે ગુન્હાહિત વિશ્વાસઘાત માટે સજાને પાત્ર થાય. ઈ.પી.કોડની કલમ–૪૦૯ ધ્યાને લેતા જાહેર નોકર, અથવા વેપારી અથવા બેંકર અથવા પ્રતનિધિ ધ્વારા ગુન્હાહિત વિશ્વાસઘાત, તેવી રીતે ઈ.પી.કોડની કલમ–૪૨૦ ધ્યાને લેતા ઠગાઈ અથવા અપ્રમાણિક પણે મિલ્કત સોપવા લાલચ આપવી. આ કલમના મુખ્ય તત્વો એવા છે કે આરોપીએ ફરીયાદી સાથે ઠગાઈ કરી અને આવુ કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ, તેમજ આરોપીએ અપ્રમાણિક પણે છેતરાયેલ વ્યકિતને લલચાવીને કોઈ મિલ્કત આપી દેવા અથવા કોઈ કિંમતી જામીનગીરી અથવા સહી કે સિકકો કરેલી ચીજ જેને કિંમતી જામીનગીરીમાં પરિવર્તીત કરી શકાય તેવી વસ્તુ સંપુર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી હોય તેમજ આરોપીએ તેમા ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલ વ્યકિતને અપ્રમાણિકપણે લલચાવી હોય ત્યારે ઈ.પી.કોડ કલમ–૪૨૦ ના પ્રમાણેનો ગુનો કબજે છે. ઉપરોકત ઈ.પી.કોડની કલમ–૪૦૬,૪૦૯,૪૨૦ ની વ્યાખ્યા ધ્યાને લેતા હાલના આરોપીએ બેંક સાથે છેતરપીડી કરી હોય, ઠગાઈ કરી હોય, અપ્રમાણિક પણે મિલ્કત સોપવા લાલચ આપી હોય, કે તેઓ સરકારી નોકર હોય કે બેંકર હોય કે વેપારી કે પ્રતિનિધિ હોય, તેઓએ વિશ્વાસઘાત કર્યો હોય તેવુ પ્રથમ દર્શનિય જણાતુ નથી. જયારે ઈ.પી.કોડની કલમ–૪૬૩ ધ્યાને લેતા બનાવટી દસ્તાવેજ બનાવવો કુટલેખન જયારે ઈ.પી.કોડની કલમ–૪૬૫ ધ્યાને લેતા બનાવટી દસ્તાવેજ, બનાવનાની સજા ઈ.પી.કોડની કલમ–૪૬૭ ધ્યાને લેતા કિંમતી જામીનગીરી, વસીયતનામુ વિગેરેનુ કુટલેખન ઈ.પી.કોડની કલમ–૪૬૮ ધ્યાને લેતા ઠગાઈ માટે કુટલેખન ઈ.પી.કોડ કલમ–૪૭૧ ધ્યાને લેતા બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવો, બનાવટી દસ્તાવેજની વ્યાખ્યા ઈ.પી.કોડની કલમ–૪૬૩ તથા ૪૬૪ મા આપેલ છે. જે મુજબ ઉપરોકત ગુનાઓના મહત્વના તત્વો પણ આરોપી વિરૂધ્ધ ફરીયાદ તથા ચાર્જશીટમા જણાતા નથી, તેવી જ રીતે ઈ.પી.કોડ કલમ–૨૦૧ ધ્યાને લેતા ગુનાના પુરાવાનો નાશ કરવો અથવા

ગુનેગારને છુપાવવા ખોટી માહિતી આપવી આ કલમ લગત પણ આરોપી વિરૂઘ્ધ પ્રથમ દર્શનિય રીતે કોઈ પુરાવા રજુ થયેલ નથી. જયારે કલમ–૧૨૦(બી) ઘ્યાને લેતા બે કે વધુ વ્યકિત કોઈ ગેરકાનુની કૃત્ય અથવા ગેરકાનુની ન હોય તેવુ કૃત્ય, ગેરકાનુની સાધનો ઘ્વારા કરવા કે કરાવવા સહમત થાય ત્યારે તેવી સહમતિને ગુન્હાહિત કાવત્રુ કહેવામા આવે છે. આ કેસમા પણ આરોપીઓ ૧ થી ૫૮ દર્શાવેલા છે, પરંતુ હાલના આરોપી એ કેવી રીતે ગેરકાનુની કૃત્ય કર્યુ છે કે તેમણે આવુ ગેરકાનુની કૃત્ય ન હોય તેવુ ગેરકાનુની રીતે કૃત્ય કરવા અથવા કરાવવા માટે સહમતિ આપેલી હોય તેવો કોઈ પુરાવો ફરયાદ પક્ષે રજુ કરેલો નથી. બેંકના મેનેજરના જવાબો પણ કે અન્ય આરોપીઓના જવાબોમાં પણ કે સ્વતંત્ર સાહેદોના નિવેદનમાં પણ હાલના આરોપી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આક્ષેપિત ગુનાઓ અંગે તેમજ ગુન્હાહિત કાવત્રુ રચીને કે છેતરપીડી કરીને કે બેક સાથે વિશ્વાસઘાત કરીને ખોટા દસ્તાવેજ બનાવ્યા હોય અને તેઓએ આવુ કૃત્ય પોતાના આર્થિક લાભ માટે કર્યુ હોય તેવુ રેકર્ડ પર ફલિત થતુ નથી. એટઠલુ જ નહિ. આ કામે આરોપી તરફે નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જેવો કે ૨૦૦૯(૨)જીએલએચ પાન નં.૪૯૧ અશોકભાઈ રમેશચંદ્ર ઘંટીવાલા વિ.... સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ એવુ પ્રસ્થાપિત કરેલ છે કે નોટરી અધિનિયમ ૧૯૫૨ કલમ–૧૩ શું અદાલત નોટરી ઘ્વારા અધિનિયમ અન્વયે સત્તાની રૂએ કે સત્તાઓ વાપરવાનુંતાત્પર્ય દર્શાવ્યુ હોય તેમા ગુનો કરવામા આવ્યો હોય, તેમા ન્યાયિક નોધ લઈ શકે ઠરાવ્યુ કે, કેન્દ્ર સરકાર કે સબંધિત રાજય સરકાર ઘ્વારા સામાન્ય કે ખાસ હુકમો ઘ્વારા અધિકૃત કરવામાં આવેલ અધિકારી ઘ્વારા લેખીતમાં ફરીયાદ આપવામાં આવી હોય તે સિવાય મેજીસ્ટ્રેટ નોટરાઈઝડ અધિનિયમની કલમ–૧૩ ને લક્ષમાં લઈ ગુનાની ન્યાયિક નોધ લઈ શકે નહિ. આ ચુકાદો ઘ્યાને લેતા આરોપી વિરૂઘ્ધ રાંદેર પોલીસ સ્ટેશન સુરતમાં ગુના રજી.નં. ફર્સ્ટ ૧૩૫/૨૦૦૫ ના કામે ઈ.પી.કોડની કલમ–૪૬૭,૪૬૮,૪૭૧ તથા ૧૧૪ મુજબ ફરીયાદ નોધાયેલી. ફરીયાદમાં એવુ જણાવવામાં આવેલુ કે તારીખ:૧૬–૨–૨૦૦૫ ના રોજ તેમના ઘરે એક વ્યકિત પોતાની જમીન બાબતે વેચાણ માટે આવેલો અને તેણે એક જનરલ પાવર ઓફ એર્ટની કોપી પોતાના ફરીયાદીના પિતાએ કરી આપેલાની બતાવેલી અને આ પાવર ઓફ એર્ટની તેમના પિતાએ મોહનભાઈ ગોવિંદભાઈ ગજેરાને પાવર ઓફ એર્ટનીથી જમીન વેચાતી લીધેલી અને તેમા સાક્ષીના નામ પણ દર્શાવેલા અને આ દસ્તાવેજ હાલના આરોપીએ નોટરાઈઝડ કરેલો . જેથી નામ. ગુજરાત હાઈકોર્ટ નોટરી અધિ. ૧૯૫૨

ની કલમ–૧૩ અન્વયે ધ્યાને લઈ આરોપી વિરૂધ્ધની ફરીયાદ રદ કરેલી. અને તેમા એવુ પણખ જણાવેલુ કે ફરીયાદીએ જો કલમ–૧૩ અન્વયે આગળની કાર્યવાહી કરવી હશે તો તે કરી શકશે. હાલના કેસમા પણ આરોપી પેનલ એડવોકેટ તરીકે એસ.બી.આઈ. સજોદ શાખામાં છે તેમણે કુલ મુખત્યારનામા પણ બનાવેલા છે. અને કુલ મુખત્યારનામા ખોટા બનાવેલા છે તેવો ફરીયાદ પક્ષનો આક્ષેપ છે જેને કારણે લઈને પણ ફરીયાદી આરોપી વિરૂધ્ધ નોટરી અધિનિયમ–૧૯૫૨ જણાવેલી જોગવાઈને આધીન આગળ કાર્યવાહી કરી શકે છે. એટલુ જ નહિ. આ ચુકાદો પણ હાલના કેસને અંશતઃ લાગુ પડે છે. એટલુ જ નહિ આરોપી તરફે ૨૦૧૨(૩)જીએલ.એચ. પાન નં.૩૧૩ સીબીઆઈ હૈદરાબાદ વિરૂધ્ધ કે નારાયણ રાવનો ચુકાદો રજુ કરેલ છે. આ ચુકાદાની હકીકતો પણ ધ્યો લેતા આરોપી કે નારાયણ રાવ એડવોકેટ વિરૂધ્ધ ફરીયાદમાં નામ ન હોવા છતાં ચાર્જશીટમાં ઈ.પી.કોડની કલમ–૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧ સાથે વચાંતા કલમ–૧૦૯ તથા પ્રિવેન્સન ઓફ ધ કરપ્શન એકટ ૧૯૮૮ ની કલમ–૧૩(૨) સાથે વાંચતા કલમ–૧૩(૧),(ડી) નુ ચાર્જશીટ (દાખલ કરવામાં આવેલ) જેની સામે કે નારાયણ રાવ એડવોકેટનાઓએ હૈદરાબાદ હાઈકોર્ટમાં પોતાના વિરૂધ્ધ કેસ રદ કરવા અરજી કરેલી. જેમા નામ. હાઈકોર્ટ આરોપીની ક્રિ મીનલ અરજી મંજુર કરેલી જેની સામે ફરીયાદ સી.બી.આઈ. હૈદરાબાદના ઓએ નામ. સુપ્રિમ કોર્ટમાં, નામ. આન્ધ્ર પ્રદેશ હાઈકોર્ટના ચુકાદા વિરૂધ્ધ અપીલ કરેલી. આ કેસની હકીકતો ધ્યાને લેતા પણ વિજયા બેંક નારાયણાગુદા બ્રાન્ચ, હૈદરાબાદની બેંન્કમાં ૧ થી ૪ આરોપીઓ અને બીજા અન્ય વ્યકિતઓએ બેન્ક સાથે હાઉસીગ લોન ૨૨ વ્યકિતઓએ લીધેલી જેના રૂા.૧,૨૭,૦૦,૦૦૦/– નુ વિજયા બેન્કે ધિરાણ કરેલુ. જેમા કે નારાયણ રાવ એડવોકેટનાઓએ વિજયા બેન્કના લીગલ પેકટીશનર અને પેનલ એડવોકેટ હતા અને તેઓને આ.નંબર–૬ તરીકે ચાર્જશીટમાં દર્શાવેલા. તેમની સામે ૧૦ હાઉસીગ લોન અંગે ખોટા લીગલ ઓપનિયન આપ્યાનો આક્ષેપ હતો. અને આ.નં.૬ અને ૭ નાઓના માલીકીપણાના મિલ્કતોમાં તેઓના નામ ન હતા તેમ છતાં તેઓએ લીગ ઓપનીયન આપેલો તેમજ મ્યુનીસીપલ પરમીશન લીધેલી તે પણ ખોટી હતી તેમ છતાં પણ આરોપીને ડીસ્ચાર્જ કરવામાં આવેલો. મારી સમક્ષના કેસમા પણ આરોપીએ અન્ય આરોપીઓ સાથે હાથ મેળવ્યા હોય તેવુ પ્રથમ દર્શનિય ફલીત થતુ નથી. એટલુ જ નહિ હાલના આરોપી વકીલે મુળ ષડયં ત્રમા મદદગારી અથવા મદદ કરી હોય તેવુ પણ ચાર્જશીટ જોતા ફલીત થતુ નથી. નામ.સુપ્રિમ

કોર્ટના ચુકાદામાં પણ આરોપી વકીલનું નામ એફ.આઈ.આર.મા ન હતુ પણ ચાર્જશીટમાં હતુ. જયારે આ કેસમાં એફ.આઈ.આરમાં તેમજ ચાર્જશીટમાં પણ હતુ પરંતુ આરોપી એ જે કામ કરેલુ છે તે પોતાની ફરજની રુએ કરેલુ છે અને એ.બી.આઈ. સજોદ શાખાના બ્રાન્ચ મેનેજર તથા આર.એમ.આર.ઓ. મારફતે જે કોઈ ખેડુતોને કુષિ વિષયક ધીરાણ માટે જે કોઈ ફાઈલ મોકલી આપવામાં આવે તેને ઘ્યાને લઈ તથા સબ રજીસ્ટારમાંથી સર્ચ કરી તેનુ ટાઈટલ કલીયરન્સ સર્ટી. આપેલુ છે. હાલના આરોપી ખોટા બનાવટી કુટલેખનો તૈયાર કરેલા હોય, ઠગાઈ કરેલી હોય, બેન્કને વિશ્વાસમા રાખી લલચાવી હોય, ગુન્હાહિત વિશ્વાસઘાત કર્યો હોય આ તમામ કાર્યો તેઓએ અપ્રમાણિકપણે કર્યુ હોય અને બેન્કને નુકશાન પહોચ્યુ હોય ચાર્જશીટ ઉપરથી ફલીત થતુ નથી.એટલુ જ નહિ. સી.આર.પી.સી.ની કલમ–૨૩૯ ઘ્યાને લ ેતા પણ અત્રેની અદાલતને આરોપીને ડીસ્ચાર્જ કરવાની સત્તા છે. સી.આર.પી.સી.ની કલમ–૨૩૯ ઘ્યાને લેતા આરોપીને કયારે બીન તહોમત મુકત કરવો એની ચર્ચા કરવામાં આવેલી છે. આ કલમ મુજબ પોલીસ અહેવાલ પરથી દાખલ થતા વોરંટ કેસને આ કલમ લાગુ પડે છે. આ કલમમા દર્શાવવામાં આવ્યુ છે કે તમામ હકીકતો વિચારણામાં લીધા બાદ મેજીસ્ટ ્રેટને એમ જણાય કે આરોપી સામેનુ તહોમત તથ્ય વગરનુ છે તો આરોપીને બિન તહોમત મુકત કરવો જોઈએ. આ કેસમાં પણ આરોપી સામે વોરંટ ટ્રાયબલ કેસ છે. અને આ કોર્ટમાં તેની ટ્રાયલ ચલાવવાની હકુમત છે. જેથી ઈ.પી.કોડ કલમ–૨૩૯ અત્રેની અદાલતને આરોપીને ડીસચાર્જ કરવા માટેની સત્તા છે એટલુ જ નહિ નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ઘ્યાને લેતા પણ આરોપી સામે પ્રથમ દર્શનિય રીતે કેસ જણાતો નથી જેથી નામ. ઉપલી અદાલતના ચુકાદા ઘ્યાને લેતા પણ વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાથે સમંત થઈ શકાય તેમ નથી જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**આ ખ રી હુ ક મ**

હાલની અરજી મંજુર કરવામા આવે છે . આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૩૯ ની અન્વયે અંકલેશ્વર રુરલ પો.સ્ટે. ગુના રજી.નં. ફર્સ્ટ ૧૧૧/૧૨ ના કામેથી ઈ.પી.કોડ ની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૩, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૨૦૧,૧૨૦–બી મુજબના આક્ષેપિત ગુનામાથી ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામા આવે છે. વધુમા એવો હુકમ કરવામાં આવે છે કે ફરીયાદી બેંક આરોપી વિરૂઘ્ઘ એડવોકેટ એકટ અન્વયે જે કોઈ

પગલા લેવા હોય તે તઓ લઈ શકે છે.

આજ તા.૩૦–૪–૨૦૧૩ ના રોજ આ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date :30-04-2013**
**Place : ANKLESVAR**

**(BHARATKUMAR DHULABHAI PATEL )**
**ADDL.CHIEF JUDICIAL MAGISTRATE,**
**TALIKA COURT,ANKLESVAR.**
**CODE NO.GJ/00563**